શ્રીમતી જે.જે.મહેતા ગર્લ્સ હાઇસ્કુલ,
સિહોર, જિલ્લો ભાવનગરને ધોરણ-૯
નો ૭ મો વર્ગવધારો આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ક્રમાંકઃ બમશ-૧૦૧૭-૯૦૬-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૨.૦૬.૨૦૧૭

વંચાણમાં લીધાઃ

(૧) નિયામકશ્રી શાળાની એકલ ફાઇલથી મળેલ તા. ૦૩.૦૨.૨૦૧૭ની દરખાસ્ત

(૨) શ્રીમતી જે.જે.મહેતા ગર્લ્સ હાઇસ્કુલ, સિહોર જિલ્લા ભાવનગરના તા. ૨૯.૦૭.૨૦૧૬ નો પત્ર

આમુખઃ

આ બાબતે ટુંકી વિગત એવી છે કે કન્યાઓના પ્રવેશને ધ્યાને લઇ ઉપર સંદર્ભ(૨) હેઠળના ધી સિહોર એજયુકેશન સોસાયટી, સિહોર જિલ્લા ભાવનગર સંચાલિત શ્રીમતી જે.જે.મહેતા ગર્લ્સ હાઇસ્કુલ, સિહોર ભાવનગરના તા. ૨૯.૦૭.૨૦૧૬ ના પત્રથી ખાસ કિસ્સામાં ધોરણ-૯ નો ૭મો વર્ગ વધારો આપવા માટે કરવામાં આવેલી રજૂઆતના સંબંધમાં નિયામકશ્રી શાળાઓની શ્રીમતી જે.જે. મહેતા ગર્લ્સ હાઇસ્કુલ, સિહોર, જિલ્લો ભાવનગરને ધોરણ-૯ નો ૭મો વર્ગ વધારો મંજૂર કરવાની સરકારશ્રીને તા. ૦૩.૦૨.૨૦૧૭ ના રોજ સીંગલ ફાઇલથી દરખાસ્ત કરવામાં આવી હતી. કન્યા કેળવણીને ઉત્તેજન મળતુ હોવાથી શ્રીમતી જે.જે.મહેતા ગર્લ્સ હાઇસ્કુલ, સિહોર જિલ્લા ભાવનગરને ખાસ કિસ્સામાં ધોરણ-૯ નો ૭મો વર્ગ વધારો આપવાની સદર રજૂઆત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે શ્રી સિહોર એજયુકેશન, સોસાયટી, સિહોર સંચાલિત શ્રીમતી જે.જે.મહેતા ગર્લ્સ હાઇસ્કૂલ, સિહોર, જિલ્લા ભાવનગરને ખાસ કિસ્સામાં આ કિસ્સાને પૂર્વ દ્રષ્ટાંત ન ગણવાની શરતે ધોરણ-૯ નો ૭ મો વર્ગ વધારો મંજૂર કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.એલ.પુજારા)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

Micellious\Bms-1017-906-G.Docx

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનરગ.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (શાળાઓ), આ અંગે આગળની કાર્યવાહી કરવા સારૂ.
- સંયુકત સચિવશ્રી(મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમ્પ્યુર સેલ, શિક્ષણ વિભાગ(વેબસાઇટ પર મુકવા સારૂં)
- સિલેકટ ફાઇલ
- ના.સે.અ. સિલેકટ ફાઇલ